ગાંધીનગર સમાચાર

**શહેરના મુખ્ય માર્ગો પર કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરાશે**

# આજે મનપાના મેયર પદ માટે પ્રારબ્ધનો જંગ

## ચૂંટણી પ્રક્રિયા એક કલાક ચાલશે

### મતગણતરીદાર દ્વારા મત ગણાશે : વિડીયોગ્રાફી થશે : ૪૦ મિનિટ તો ફોર્મ ભરવા અને પાછા ખેંચવા તેમજ ચકાસણી પાછળ જ જશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં પ્રજાએ આપેલા અસ્પષ્ટ જનાદેશને પગલે નવા બોર્ડની પ્રથમ બેઠક મનપાની રચના બાદ આજે સૌથી લાંબી ચાલશે.

આજે મનપાના નવા મેયર, નવા ડે. મેયર અને સ્થાયી સમિતિની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાવાની છે. જેમાં ૨.૩૦ કલાકથી વધુ સમય જશે તેમ રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા પરથી ફલિત થાય છે.

છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન દરેક બોર્ડની બેઠક ૨૫ મિનિટથી વધુ સમય સુધી સરેરાશ ચાલી નથી.

સામાન્ય ચૂંટણીમાં અપૂર્ણ જનાદેશને પગલે સર્જાયેલી રાજકીય ટાઈને કારણે સરકારે જાહેર કરેલ નિયમો પછી મેયરની ચૂંટણી માટે ૫૦ મિનિટ જેટલો સમય જશે. આજ પ્રમાણે ડે. મેયરની ચૂંટણી માટે પણ આટલો જ સમય લાગશે. આમ આ બે હોદ્દાની ચૂંટણીમાં જ બે કલાક જેટલો સમય જશે.

સવારે ૧૧ વાગે મહાનગર પાલિકાના સભાખંડમાં બેઠક મ્યુનિ. કમિશનરશ્રીના અધ્યક્ષપદે આરંભાશે. જેમાં કમિશનરશ્રી સભ્યોના શાબ્દીક સ્વાગત સાથે મેયરપદ અને ડે. મેયરપદની ચૂંટણી પ્રક્રિયાની ઘોષણા કરશે.

આ ઘોષણાની સાથે જ ૧૫ મિનિટ જેટલો સમય મેયર પદ માટેના ઉમેદવારી પત્ર રજુ કરવા માટે આપવામાં આવશે. આ પછી મળેલા ઉમેદવારી પત્રોની જાહેરાત બાદ ઉમેદવારી પત્રની ચકાસણી પ્રક્રિયા હાથ ધરાશે. આ પછી ૧૫ મિનિટનો સમય ઉમેદવારી પત્ર પાછો ખેંચવા માટે આપવામાં આવશે.

પાંચ-સાત મિનિટના અંતર બાદ કમિશનરશ્રી હરિફ ઉમેદવારોની યાદી જાહેર કરશે અને આ પછી તેના પર મતદામની પ્રક્રિયા થશે અને તે સમગ્ર ઘટનાનું વિડીયો રેકોર્ડિંગ કરવામાં આવશે.

આ મતદાનમાં બન્ને પક્ષના મત સરખા થતાં ચીઠ્ઠી ઉછાળી મેયરની વરણી અંગેના નિર્ણયની

### બન્ને પક્ષો કાવા-દાવાના નિષ્ણાત પણ જનાદેશ અપૂર્ણ હોવાથી હવે પ્રારબ્ધના ખેલ પર નિર્ભર

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગર મહાનગર પાલિકાના નવરચિત બોર્ડની પ્રથમ બેઠકમાં પ્રારબ્દ્ધનો ખેલ ખેલાશે અને કોને જઈ બ્રારબદ્ધ ફરશે તેને લઈ પાટનગર તેમજ રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયેલો છે.

અપૂર્ણ જનાદેશને લઈ મેયર, ડે. મેયરની ચૂંટણી ઉપરાંત સ્થાયી સમિતિના આજે યોજાનારા જંગે ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. તો બન્ને પક્ષો એક બીજાના સભ્યોની તડજોડ માટે સક્રિય બન્યાની વાતો અને ચર્ચાઓને લઈ સૌની નજર પ્રથમ બોર્ડ બેઠક પર જ મંડાયેલી છે.

પ્રથમ બોર્ડ બેઠક હોઈ તંત્રએ પણ તકેદારી અને ચુસ્તતા બાબતમાં કોઈ જ કચાશ ના રહે તેની પણ પુરતી કાળજી લીધી છે.

પ્રથમ બેઠકમાં આ ચૂંટણી યોજાવાની હોવાથી પોલીસ બંદોબસ્ત પણ સઘન રાખવામાં આવ્યો છે. બન્ને પક્ષને ફાળે ૧૬-૧૬ બેઠકો આવી હોવાથી રાજકીય ઉત્તેજનાઓ પણ ચરમસીમાએ પહોંચી છે.

બન્ને પક્ષો રાજકીય દાવપેચ ખેલવા તૈયાર થયેલા હોવાથી બન્ને પક્ષોએ તેમના સભ્યોના કેમ્પ બનાવ્યા હતા.

રાજકીય વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ રાજસ્થાન ગયેલા કોંગ્રેસના સભ્યો પુષ્કર પણ જઈ આવ્યા છે અનો દિલ્હી થઈ ગાંધીનગર નજીકના ફાર્મહાઉસ ખાતે તેમને રાખવામાં આવ્યા છે. સભ્યો સાથે આજે રાત્રે પ્રદેશ નેતાઓની બેઠકમાં કયા જંગમાં કોણ ઝુકાવશે તેનો મત જાણી અને કાલે સવારે બેઠક

● અનુસંધાન પાન-૭ પર

## બહુમાળીભવન બહાર આજે પોલીસની કિલ્લેબંધી

### મહિલા પોલીસ બંદોબસ્તમાં વધુ પ્રમાણમાં મુકાઈ

સેક્ટર-૧૧ બહુમાળી ભવન ખાતે મહાનગરપાલિકા ખાતે મેયર નક્કી થશે. આ પ્રક્રિયા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આવતીકાલે શુક્રવારે સવારથી જ બહુમાળીભવન પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. એલસીબી અને એસઓજીની સંપૂર્ણ ટીમ, એક એસઆરપી પ્લાટુન, એક મોક ટીમ અને સ્થાનિક પોલીસ અધિકારી કર્મચારીઓનો કાફલો બંદોબસ્તમાં તૈનાત રહેશે. તે ઉપરાંત આ બંદોબસ્તમાં ખાસ કરીને મહિલા પોલીસને વધુ સંખ્યામાં સમાવવામાં આવી છે.

## મનપાના સભાખંડનું રિનોવેશન કરાયું

### બેઠક વ્યવસ્થામાં પણ પરિવર્તન કરાયું

ગાંધીનગર, તા. ૫

મનપાના સભાખંડની બેઠક વ્યવસ્થામાં આજે યોજાનાર ચૂંટણીને લઈ ફેરફારો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ પ્રેક્ષક ગેલેરીમાં પ્રેક્ષકો ને નહિ પ્રવેશ અપાય પણ ત્યાં મિડિયા અને પક્ષોના આગેવાનોને બેસવા માટે જગ્યા ફાળવવામાં આવી છે.

કમિશનર અને મેયર ડે. મેયર સામેની વ્હેલમાં કોઈને પણ પ્રવેશ અપાશે નહિ. બન્ને પક્ષોની બેઠક વ્યવસ્થા પર નેઈમ પ્લેટ મુકવામાં આવશે.

આ ચૂંટણીએ રાજકીય ઉત્તેજના છવાયેલી હોવાથી ફાયર બ્રિગેડ તેમજ પોલીસનો સઘન બંદોબસ્ત રાખવામાં આવશે. બંધારણીય કાર્યવાહી આ પ્રથમ બેઠકમાં થવાની હોવાથી અધિકૃત વ્યક્તીઓ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં નહિ આવે.

સભાખંડનું પણ રિનોવેશન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે જેમાં ખુરશીઓ અને બેઠક વ્યવસ્થા સહિત શક્ય એટલા ફેરફારો કરવામાં આવ્યા છે.

## ધૂળીયા વાતાવરણથી પારો ગગડ્યો

### ઘરોમાં ધૂળ ઘુસી જતા ગૃહિણીઓ સાફસફાઈમાં લાગી : મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું

ગાંધીનગર, તા. ૫

કાળઝાળ ગરમીનો સામનો કરી રહેલા નગરજનોને છેલ્લા બે દિવસથી થોડીક રાહત અનુભવાઈ રહી છે. આજે સવારથી જ ધુળીયુ વાતાવરણ રહેતા પારો ગગડ્યો હતો. જો કે ઘરોમાં ધૂળ પેસી જતા ગૃહિણીઓને સાફસફાઈની જહેમત ઉઠાવવી પડી હતી.

એપ્રિલ માસના અંતિમ અઠવાડિયામાં કાળઝાળ ગમરીનો સામનો વસાહતીઓએ કરવો પડ્યો હતો. મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહેતા ઘરની બહાર નીકળવુ પણ મુશ્કેલ બને તેટલી આકરી ગરમી અનુભવાતી હતી. જો કે ત્રણ દિવસ અગાઉ વેસ્ટર્ન ડિર્સ્ટબન્સને પગલે વાતાવરણમાં પલ્ટો આવતા શહેરમાં કેટલાક સ્થળોએ છાંટા પડ્યા હતા અને

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : કશ્યપ નિમાવત)

## ઋણ સ્વીકાર



વજીબેન અમરશીભાઈ મેરજા
ઉ.વ. ૮૦
પ્લોટ ૩૫૩, સેક્ટર-૮, ગાંધીનગર

અમારા પૂ. માતૃશ્રી **વજીબેન અમરશીભાઈ મેરજા** ઉ.વર્ષ-૮૦ તા. ૨૨/૪/૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થતા, અમોને પ્રત્યક્ષ કે પરોક્ષ સાંત્વના પાઠવનાર સૌનો આભાર.

**રમેશ મેરજા** – અધિક નિવાસી કલેક્ટર, મહેસાણા
**ભાવના સુરેશ સરડવા** – અમદાવાદ
**બ્રિજેશ મેરજા** – જાહેર અગ્રણી, ગાંધીનગર-મોરબી
**અમરશી માવજીભાઈ મેરજા**
**મેરજા પરિવાર - ચમન પર - થોરાળા - મોરબી**

## શ્રીરંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સ.સોસાયટી લિ.

વાસણા હડમતિયા, ખ-૦, ગાંધીનગર - ૩૮૨૨૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ ૨૦૧૫-૧૬ની સાતમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨/૫/૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ વાગે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સાથે ભોજન લઈશું.

**તા.ક. : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તેઓએ તાકીદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.**

**સુરેશભાઈ ડી. પટેલ** – પ્રમુખ – મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯
**ગોવિંદભાઈ આર. ઝાલા** – મંત્રી – મો. ૯૯૦૪૬ ૧૪૭૭૫

## જાહેર નિવિદા

માહિતી કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ-સફાઈકામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો ટપાલો પહોંચાડવા સુધીની કામગીરી માટે કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડતા આઉટસોર્સ એજન્સીની પસંદગી કરવા માટે ઈ-ટેન્ડર ઓનલાઈન ભરવા આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતવાર માહિતી www.nprocure.com પર અપલોડ કરવામાં આવી છે. ટેન્ડર ઓનલાઈન તેમજ ફીઝીકલ સ્વરૂપે જમા કરવાની છેલ્લી તારીખ ૨૬/૫/૨૦૧૬ સમય ૧૬-૦૦ કલાક સુધી છે. આ નિવિદા www.statetenders.com ઉપર પણ જોઈ શકશો.

માહિતી/૨૮૦/૨૦૧૬-૧૭ — માહિતી કમિશનર

## ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

### એરકન્ડીશન મશીનોના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ બાબત

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની સેક્ટર-૧૦એ ખાતે આવેલ મુખ્ય કચેરીના એરકન્ડીશન મશીનોની સર્વિસ-રીપેરીંગ કામગીરી કરવા વાર્ષિક કોન્ટ્રાક્ટ (AMC) કરવાનો હોવાથી આ પ્રકારની કામગીરી કરતી ગાંધીનગરની સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામેથી રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવી તા. ૧૨/૫/૨૦૧૬ સુધીમાં કચેરી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ભરેલું ટેન્ડર ફોર્મ બંધ કવરમાં તા. ૧૬/૫/૨૦૧૬ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી જમા કરાવવાનું રહેશે. કવર ઉપર 'એરકન્ડીશન મશીન વાર્ષિક સર્વિસના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

માહિતી/૨૮૪/૨૦૧૬-૧૭ — નિયામક

## શહેરના મુખ્ય માર્ગો પર કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરાશે

### આગામી ચોમાસામાં રોપાઓની વાવણી માટે વન તંત્ર એ ૨૧ હજાર ખાડા કર્યા

ગાંધીનગર તા ૫

આગામી ચોમાસા દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી માટે વન તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વન તંત્ર દ્વારા શહેરના વિવિધ માર્ગો પર ૨૧ હજાર જેટલા ખાડા તૈયાર કરી રોપાઓની વાવણી માટે તૈયારી કરી દેવામાં આવી છે. આગામી વરસાદી દિવસોમાં શહેરના માર્ગોના કલરકોડ પ્રમાણે રોપાઓનુ વાવેતર કરાશે.

શહેરમાં વિકાસના નામે સેંકડો વૃક્ષોની કટોતી થઈ છે. જયારે વિકાસના નામે હજારો વૃક્ષોનુ નિકંદન નિકળી રહયુ છે. ત્યારે ગાંધીનગર બેરન સિટી બનવા તરફ હોવાનો આક્રોશ પણ પ્રકૃતિ પ્રમીઓ દ્વારા વ્યકત કરવામાં આવી રહયો છે. વન વિભાગ દ્વારા શહેરની હરિયાળી નિખારવા માટે નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવે છે. ગત જુલાઈ દરમિયાન આવેલા તોફાની વરસાદમાં પણ સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થતા હરિયાળીનો સોથ વળી ગયો હતો. જયારે આગામી ચોમાસાને ધ્યાને લઈ વન તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષો ઉછેરવા માટે ખાડાઓ ખોદવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં વન તંત્ર દ્વારા ૨૧ હજાર જેટલા ખાડા ખોદી નાંખવામાં આવ્યા છે. જેમાં રોડનં-૫,૬,ઉપરાંત શહેરના મુખ્ય ઘ માર્ગ આસપાસ ખાડાઓ ખોદી વાવેતરની તૈયારી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સે-૨૦, સે-૧૫, સે-૩૦ માં પણ રોપાઓની વાવણી માટે ખાડા ખોદવામાં આવ્યા છે. શહેરના મુખ્ય માર્ગોઆસપાસ વિશેષ રીતે વૃક્ષોને ઉછેરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ કલર કોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવશે. આ ઉપરાંત કરંજ લીમડો તેમજ કણજીના વૃક્ષો ઉછેરવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.

## ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

### રીવોલ્વીંગ ખુરશી ખરીદવા અંગેની જાહેરાત

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની કચેરીને કર્મચારીઓના ઉપયોગ માટે ૨૭ નંગ રીવૉલ્વીંગ ખુરશી ખરીદવાની હોવાથી સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૩/૯/૧૯૯૭ના ઠરાવથી નક્કી કરેલ ખરીદ નીતિના ઠરાવમાં વર્ગીકૃત કરવામાં આવેલ કક્ષા-અ અને કક્ષા-બ પ્રકારની ગાંધીનગર અને અમદાવાદ સ્થિત સરકારી અને સરકાર માન્ય સહકારી સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું કોરું ટેન્ડર ફોર્મ કચેરીના કામકાજના દિવસો અને સમય દરમિયાન ૧૨/૫/૨૦૧૬ સુધી રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવી ઉપરોક્ત સરનામેથી મળી શકશે. ભરેલું ટેન્ડર બંધ કવરમાં અને નમૂનાની ખુરશી તા. ૧૭/૫/૨૦૧૬ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. કવર ઉપર 'રીવૉલ્વીંગ ખુરશી ખરીદીના ભાવ' એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે.

માહિતી/૨૮૩/૨૦૧૬-૧૭ — નિયામક

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## પ્રદેશ કોંગ્રેસના નેતા આજે રાષ્ટ્રપતિને મળશે

અમદાવાદ, તા.૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ગુજરાતમાં કોંગ્રેસનો આક્રમક દેખાવ તથા અગામી ચૂટણીમાં વિજયની સંભાવના દર્શાવતો અહેવાલ લઈ આજે સવારે દિલ્હી પહોંચ્યા છે. આ બન્ન નેતાઓ ગુજરાતમાં ભાજપ સરકારની નિષ્ફળતા, પાટીદાર આંદોલનનો ભાજપ પર દુષ્પ્રભાવ પાણીની વિકરાળ સમસ્યા સહિત અનેક પ્રશ્નો સામે કોંગ્રેસની કારગત નિવડતી રણનિતીથી હાઈકમાન્ડને વાકેફ કરશે. આ ઉપરાંત આવતીકાલે સવારે સોનિયા ગાંધીના નેતૃત્વમાં યોજાનારી રેલીમાં પણ આ બન્ને નેતાઓ ભાગ લેશે અને બપોરે બે વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીએસપીસીના કથિત કૌભાંડ અંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને આવેદનપત્ર આપી તપાસ કરાવવાની માગણી કરશે.

## વનતંત્ર દ્વારા ૧૧૦૦ પૈકી ૪૦૦ સુકા વૃક્ષો દુર કરાયા

### આગામી ચોમાસા પુર્વે તમામ સુકા તેમજ અન્ય ૫૦ જોખમી વૃક્ષો પણ દુર કરાશે

ગાંધીનગર તા ૫

શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે વન તંત્ર દ્વારા ભયજનક વૃક્ષો દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા ૧૧૦૦ જેટલી છે. જયારે આ પૈકી અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા વૃક્ષો દુર કરી દેવાયા છે. આગામી ચોમાસા પુર્વે તંત્ર દ્વારા તમામ સુકા વૃક્ષો દુર કરાશે જયારે આ ઉપરાંત અન્ય ૫૦ જેટલા ભયજનક વૃક્ષો પણ દુર કરવામાં આવશે.

શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરોની શેરીઓ આસપાસ પણ વૃક્ષોની વનરાજી જોવા મળે છે. ત્યારે ચોમાસા દરમિયાન વૃક્ષો ધરાશાયી થતા હોવાના અનેક કીસ્સાઓ પ્રકાશમાં આવે છે. ગત જુલાઈ મહીનામાં તોફાની વરસાદ દરમિયાન શહેરમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થતા ભયજનક દ્રશ્યો સર્જાયા હતા. શહેરના માર્ગો પર ઠેર ઠેર વૃક્ષો આડશ બનેલા જોવા મળ્યા હતા. જયારે વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ભયજનક વૃક્ષો અકસ્માતનુ કારણ ન બને તે માટે વન તંત્ર દ્વારા હાલ શહેરમાં સુકા વૃક્ષો દુર કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં ૧૧૦૦ જેટલા સુકા વૃક્ષો હતા. આ પૈકી ૪૦૦ જેટલા વૃક્ષો દુર કરી દેવાયા છે. જયારે વરસાદી દિવસો પહેલા આ તમામ સુકા વૃક્ષો હટાવી દેવાશે. આ ઉપરાંત સર્વેના અંતે ભયજનક માલુમ પડેલા વૃક્ષો પણ દુર કરાશે શહેરમાં ભયજનક વૃક્ષોની સંખ્યા પણ ૫૦ જેટલી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com